હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

અમારા જમાનામાં સારૂ હતુ... હોમવર્ક ન કર્યુ હોય તો કહી દેતા કે બકરી નોટ ખાઇ ગઇ...!!

ગીફટસીટીમાં બ્રોકીંગ કંપનીના સેબી સર્ટીફિકેટનો ખોટો ઉપયોગ કરનાર માસ્ટર માઈન્ડ મહિલા ઝડપાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર ગીફટસીટીમાં આવેલી કિફસ બ્રોકીંગ એલ.એલ.પી. કંપનીના નામની ભળતી વેબસાઈટ બનાવી કંપનીના સેબી સર્ટીફિકેટનો ખોટો ઉપયોગ કરનાર માસ્ટર માઈન્ડ મહિલાને ગાંધીનગર એલસીબી ટીમે વડોદરા ખાતેથી ઝડપી પાડી છે. જો કે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સુધી તપાસ કરતા માત્ર યુવતિની ભાળ મળી હતી. ત્યારે અચાનક ઓનલાઈન હોટલમાંથી જમવાનો ઓર્ડર આપતા જ એલસીબી પોલીસે મહિલાનું વડોદરાથી પગેરુ શોધી કાઢી ડભોડા પોલીસ મથકના સાઈબર ક્રાઈમના ગુનાનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી દીધો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગીફટસીટી ખાતે કાર્યરત કિફસ બ્રોકીંગ એલએલપી કંપની છેલ્લા સાડા ત્રણ દાયકાથી શેરબજારમાં કાર્યરત છે.વર્ષ ૨૦૨૧ માં કંપનીના ધ્યાને આવ્યું હતું કે કોઈ અન્ય ત્રાહીત વ્યકિતએ તેમના ઉપરોક્ત કંપનીના ભળતા નામવાળી કંપની ઉભી કરી વેબસાઈટ પણ બનાવી દીધી છે. જે અન્વયે કિફસ બ્રોકીંગ એલએલપી કંપનીના સેબી સર્ટીફિકેટનો ઉપયોગ કરી ઢગલાબંધ વ્યકિતઓ સાથે આર્થિક છેતરપિંડી આચરવામાં આવી રહી છે. આ સંદર્ભે નવેમ્બર-૨૦૨૧ માં ડભોડા પોલીસ મથકમાં સાયબર ક્રાઈમ એકટ હેઠળ ગુનો નોંધાયો હતો. એલસીબી પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો ગુનાનો ભેદ ઉકેલવા માટે કાર્યરત હતા.ટીમના સભ્યોએ ડુપ્લીકેટ વેબ સાઈટના નંબરો અને એડ્રેસ ચેક કર્યા હતા. જે ખોટા નીકળતા વેબસાઈટના આઈપી એડ્રેસની ચકાસણી કરતા મહારાષ્ટ્રના પનવેલ અને ઈન્દોર મધ્યપ્રદેશ સુધી ટીમ પહોંચી હતી. પરંતુ ત્યારબાદ વેબસાઈટ પર લખેલા નંબરો જે તમામ બંધ હાલતમાં હતા તેનુ વેરીફિકેશન કરતા ફરીવાર એમપી ખાતે ટીમ પહોંચતા મહિલા વર્ષો પહેલા તે સ્થાન પર રહેતી હતી. એલસીબી પોલીસની તપાસ ચાલી રહી હતી. પરંતુ કોઈ ફળદાયી પરિણામ મળી રહ્યુ ન હતું. તે સમયે અચાનક વડોદરાની હોટલમાંથી ઓનલાઈન જમવાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. જે ઓર્ડર વેબ સાઈટ પર રહેલા નંબરથી આપવામાં આવ્યો હતો. જેથી એલસીબી પોલીસની ટીમ હોટલ સુધી પહોંચી ગઈ હતી. જમવાનો ઓર્ડર ક્યાં આપવામાં આવ્યો છે તેનું એડ્રેસ લઈ પહોંચતા જયદેવી વ્યંકટરાવ લંગુટે (માળી) (રહે તહુરાપાર્ક, તાંદલજા વડોદરા મુળ લાતુર મહારાષ્ટ્ર) ની ધરપકડ કરી લેવામાં આવી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના અધિકારીઓ આજે આખો દિવસ મીટીંગોમાં વ્યસ્ત રહેતાં મુલાકાતીઓ નિરાશ થઈને પરત ફર્યા હતા.
- ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે આજે તેમના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે વૃક્ષારોપણ કર્યુ હતુ એટલુ જ નહિ ગૌધનને ગોળલાડુ ખવડાવ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી ગ્રાહક અને ધિરાણ મંડળીએ વર્ષ-૨૦૨૧-૨૨નું ડિવિડન્ડ ડીજીટલ પેમેન્ટથી કરવાનો નિર્ણય કર્યો છે.
- ન્યુ ક્રેડીટ સોસાયટી સચિવાલયની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી અને સામાન્ય સભા મળી હતી.
- ગાંધીનગર વન ચેતના કેન્દ્ર ખાતે આજે ભાજપની ઉત્તર ઝોનની એક મહત્વની બેઠક પૂર્વ મંત્રી ગણપતભાઈ વસાવાની ઉપસ્થિતિમાં મળી હતી.
- ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત યાત્રા દરમ્યાન આયુષ્યમાન ભારત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રા.આ. કેન્દ્ર તેમજ હેલ્થ એન્ડ વેલનેસના સબ સેન્ટર ખાતે યોગાના ખાસ સેશન યોજવામાં આવશે.
- વિસનગરા નાગર સમાજ સમસ્તના પ્રમુખ તરીકે ગાંધીનગરના જાણીતા એડવોકેટ અતુલ પંડ્યાની વરણી કરવામાં આવી છે.
- ગાંધીનગર મનપામાં ૬૮,૧૭૧ લોકોએ આજ સુધીમાં એડવાન્સ મિલકતવેરો રૂ. ૩૧.૨૬ કરોડ જમા કરાવી વળતર યોજનાનો લાભ લીધેલ છે.
- ગઈકાલે રાત્રે જિલ્લાના ત્રણ તાલુકામાં હળવા વરસાદના ઝાપટા નોંધાતા જિલ્લાનો સરેરાશ વરસાદ ૩ ટકા ઉપર પહોંચ્યો છે.

ભોયણરાઠોડ, જલુન્દ અને વાદળીવારૂ પરૂ મોટી આદરજ ખાતે શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૨૭

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી દ્વારા શિક્ષણ સામર્થ્ય કાર્યક્રમ અંતર્ગત ભોયણરાઠોડ, જલુન્દ, અને વાદળીવારૂ પરૂ ગણાતાં મોટી આદરજ પ્રાથમિક શાળામાં જિલ્લા પંચાયત ગાંધીનગરના આરોગ્ય સમિતિના ચેરમેન મીનાબેન લલિતસિંહ ઠાકોર, જિલ્લા સદસ્ય ભરતસિંહ ઠાકોર, શૈલેષભાઈ (ડી.પી.ઈ.એસ.એસ.એ.) સી.આર.સી. કૌશલબેન પરમાર, સરપંચ ભોયણરાઠોડ, સરપંચ જલુન્દ અને સરપંચ મોટી આદરજ અને સૌ આગેવાનોની ઉપસ્થિતિમાં પ્રવેશપાત્ર ભુલકાંઓને પ્રવેશ અપાવતાં હર્ષની લાગણી પ્રવર્તી હતી.

સુરતમાં વારંવાર થતા હુમલાઓ સામે "આપ"નું આવેદનપત્ર

ગાંધીનગર, તા.૨૭

આમ આદમી પાર્ટી દ્વારા જણાવવામાં આવ્યું છે કે "છેલ્લા બે વર્ષથી આમ આદમી પાર્ટી સમગ્ર સુરત શહેરની અંદર લોકહિત અને જનહિતની કામગીરી બજાવે છે અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આપના ૨૭ કાઉન્સિલર્સ ચૂંટાયા પછી તેમને સતત નાગરિકોની તકલીફોના નિવારણ માટે પ્રજા વચ્ચે જવું પડતું હોય છે અને સત્તાધારી પક્ષના ખોટા કામોનો શાંતિપૂર્ણ રીતે વિરોધ કરવો કે એમની નૈતિક જવાબદારી છે પરંતુ તે દરમ્યાન ભાજપના ગુંડા તત્ત્વો અને અસામાજિક તત્ત્વો દ્વારા તેમના કાઉન્સિલર્સને માર મારવામાં આવી રહ્યો છે જેની સામે પોલીસ ફરિયાદ કર્યા પછી પણ કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી. આઠ જૂન સુધી પોલીસ દ્વારા કોઈપણ હુમલાખોરને પકડીને જેલના હવાલે કરવામાં આવેલો નથી પરંતુ જ્યારે આ પાર્ટીની ફરિયાદ નોંધાય ત્યારે તેની સામે ભાજપના અસામાજિક તત્ત્વોની ફરિયાદ પણ આવી જાય છે." આ એક દુખદ અને ખોટી વાત હોવાનું જણાવતાં આમ આદમી પાર્ટીના શહેર પ્રમુખ દ્વારા આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદન પત્રમાં આમ આદમી પાર્ટી દ્વારા રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની યોગ્ય જાળવણી સાથે નાગરિકોને પોલીસ પ્રશાસન પરથી વિશ્વાસ રહે તે માટે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

અનિયમિત વીજ પુરવઠાની સમસ્યાને પગલે વલાદના ગ્રામજનોનો રોષ ભભૂક્યો

ગાંધીનગર, તા.૨૭

ચોમાસાની ઋતુનો પ્રારંભ થઈ ચૂક્યો છે અને ગ્રામ્ય વિસ્તારમાં આ ઋતુમાં વીજળી વેરણ થવાની ઘટનાઓ સર્જાતી હોય છે જેના કારણે ગ્રામીણ નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ગાંધીનગર તાલુકાના વલાદ ગામ ખાતે છેલ્લા ચાર-પાંચ મહિનાથી વીજળી પુરવઠો અનિયમિત રહેવાની સમસ્યા નાગરિકોને સતાવી રહી છે. એક તરફ આકાશમાંથી ઉનાળાની કાળઝાળ ગરમી વરસી રહી હતી ત્યારે પણ દિવસ દરમ્યાન પાંચ-સાત કલાક સુધી વીજ પુરવઠો બંધ રહેતો હતો જેના કારણે સમગ્ર પંથકમાં ગ્રામીણો ત્રાહીમામ પોકારી ગયાં હતાં અને આ સમસ્યા અંગે વારંવાર ફરિયાદો કરી હોવા છતાં પણ તેનું કોઈ નિરાકરણ આવ્યું નહોતું અને હવે જ્યારે ચોમાસાની ઋતુ પણ દરવાજે દસ્તક દઈ રહી છે ત્યારે વીજ પુરવઠાની અનિયમિતતા અંગે ગ્રામવાસીઓનો રોષ ભભુકી ઉઠયો છે. આજે વલાદ ગામના ગ્રામજનો દ્વારા મોટી સંખ્યામાં એકઠાં થઈને મોટા ચિલોડા ખાતેની ઉત્તર ગુજરાત વીજ કંપનીની કચેરી ખાતે હલ્લાબોલ કરવામાં આવ્યું હતું અને ફરજ પરના ઈજનેરને આવેદન પત્ર આપી અનિયમિત વીજ પુરવઠો સત્વરે નિયમિત થાય તે માટે ઉગ્ર રજુઆતો કરવામાં આવી હતી. આ સાથે ઉગ્ર બનેલા ગ્રામજનોએ ઉત્તર ગુજરાત વીજ કંપનીને જ્યાં સુધી તેમના ગામમાં વીજ પુરવઠો નિયમિત નહી થાય ત્યાં સુધી કંપની દ્વારા તાજેતરમાં ફટકારવામાં આવેલા વીજ બિલ ભરવામાં આવશે નહીં તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.

ગર્ભ જાતિ પરીક્ષણ નિષેધ અધિનિયમ ૧૯૯૪ અંગે એક કાનૂની શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૬

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગઠિત નામદાર જજીસની સમિતિના આદેશથી પ્રિ.કન્સેપન એન્ડ પ્રિ નેટલ ડાયગનોસ્ટિક ટેકનિકલ (પ્રોહિબિશન ઓફ સેક્સ સિલેક્શન) એક્ટ ૧૯૯૪ના વિશાળ પ્રચાર પ્રસાર કરવાના ભાગરૂપે ડિસ્ટ્રિક્ટ કોર્ટના પેરાલીગલ વોલન્ટીયર સુધીરભાઈ દેસાઈએ રાયસણ સ્થિત જે.એમ.ડી. ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગમાં એક શિબિરનું આયોજન કર્યુ હતુ. પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ ૧૯૯૪માં સુધારો ૨૦૦૩ ઉપરાંત ૨૦૧૬ની સાલમાં એક્ટની જોગવાઈઓના ભંગ બદલ સજામાં થયેલ વધારા વિશે ઉપસ્થિત ત્રીજા વર્ષ નર્સિંગના વિદ્યાર્થીઓને સંપૂર્ણ માહિતીથી વાકેફ કર્યા હતા. પ્રિન્સિપાલ સુશ્રી દિવ્યાજીજીના પૂર્ણ સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

ગાંધીનગરના રામકથા મેદાનમાં આજથી સખી મેળો અને 'વંદે ગુજરાત પ્રદર્શન'

આજે સાંજે ૫ વાગ્યે પ્રભારી મંત્રી હર્ષ સંઘવીના હસ્તે શુભારંભ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં રામકથા મેદાન ખાતે તા.૨૮ જૂનને મંગળવારથી સખી મેળો અને વંદે ગુજરાત : ૨૦ વર્ષનો વિશ્વાસ, ૨૦ વર્ષનો વિકાસ પ્રદર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લાના પ્રભારી અને ગૃહ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજયમંત્રી હર્ષભાઈ સંઘવી સાંજે ૫ વાગ્યે આ મેળા અને પ્રદર્શનનો શુભારંભ કરાવશે. છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન ગુજરાત તમામ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. બે દાયકમાં ગુજરાતે દરેક ક્ષેત્રે વિકાસની હરણફાળ ભરી છે. આપત્તિને અવસરમાં બદલીને સર્વાંગી વિકાસ કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને અત્યારે તેઓ પ્રધાનમંત્રી છે ત્યારે તેમના નેતૃત્વમાં ગુજરાતે ઉડીને આંખે વળગે એવો વિકાસ કર્યો છે. ગુજરાતની ૨૦ વર્ષની તપસ્યાને ૨૦ વર્ષના વિકાસને ઉજાગર કરતું 'વંદે ગુજરાત' પ્રદર્શન નાગરિકો માટે માહિતીપ્રદ અને ઉપયોગી બની રહેશે.

લોકોપયોગી પ્રદર્શનની સાથોસાથ ભવ્ય સખી મેળો યોજાશે. આ મેળામાં હસ્તકલાના કારીગરો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ, મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત ઉપયોગી ચીજ-વસ્તુઓનું પ્રદર્શન-કમ-વેચાણ કરાશે. ગ્રામીણ વિકાસ મંત્રાલય અને ગ્રામ વિકાસ વિભાગના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત મેળા અને પ્રદર્શનમાં ખાણી-પીણીના સ્ટોલ્સ સહિત લગભગ ૭૫ જેટલા સ્ટોલ્સ હશે. આ મેળામાં માટીકામના નમૂના, જયૂટ ઉત્પાદનો, હેન્ડલૂમ, હેન્ડીકાફટસ, ભરતગૂંથળના નમૂના, ચામડાની ચીજ-વસ્તુઓ, મોતીકામ, ટેરાકોટા, સ્ટોન જવેલરી, કચ્છી ચીજવસ્તુઓ અને ગૃહ સુશોભન તથા ગૃહ ઉપયોગી અનેક ચીજ-વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરાશે. આ મેળાની ચીજવસ્તુઓના વેચાણથી સ્વસહાય જૂથોની મહિલાઓને આર્થિક મદદ મળી રહેશે. સખી મેળો અને વંદે ગુજરાત પ્રદર્શન તા. ૪ જુલાઈ સુધી દરરોજ સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૯.૩૦ વાગ્યા સુધી જાહેર જનતા માટે ખુલ્લા રહેશે.

અડાલજ નર્મદા કેનાલમાં પડેલી નીલગાયને ફાયર ટીમે બહાર નીકાળી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક અડાલજ નર્મદા કેનાલમાં પડી ગયેલી અને બચવા માટે વલખા મારી રહેલી નીલગાયને ફાયર બિગ્રેડની ટીમના જવાનોએ બચાવી લીધી હતી. નર્મદા કેનાલમાં મોતનો કુદકો લગાવતા વ્યકિતઓને ગાંધીનગર ફાયર ટીમ દ્વારા બચાવી લેવામાં આવે છે. ત્યારે કેનાલમાં રાત્રીના સમયે પશુઓ પણ પડી જતા હોય છે. ત્યારે ફાયર બ્રિગેડને કોલ મળતા જ કેનાલમાં પડી ગયેલા જાનવરને પણ ભારે જહેમત બાદ હેમખેમ બચાવી લેવામાં આવે છે.

મળતી વિગત મુજબ અડાલજ નર્મદા કેનાલ ખાતે ગઈકાલે નીલગાય પડી હતી. કેનાલના પાણીમાંથી બહાર નીકળવા માટે નીલગાય પ્રયત્ન કરી રહી હતી. ત્યારે ત્યાંથી પસાર થઈ રહેલા નાગરીકે ગાંધીનગર ફાયર બિગ્રેડને કોલ કરતા જ ટીમના જવાનો જલ્પેશ રબારી અને રવિ દેસાઈ લાઈફ ગાર્ડ બોટ લઈને કેનાલમાં ઉપર પહોંચી ગયા હતા. ફાયર જવાનો બોટ કેનાલમાં ઉતરીને બચાવ કામગીરી હાથ ધરી હતી.જયારે અન્ય જવાનો બહાર દોરડુ બાંધીને ઉભા રહ્યા હતા. બોટમાં રહેલી ટીમ પાણીમાં નીલગાય પાસે પહોંચતા જ ગભરાઈ ગઈ હોવાથી તે દુર જતી રહેતી હતી. આખરે ફાયર ટીમે નીલગાયને દોરડું બાંધી દેવાયું હતું. કેનાલ બહાર ઉભેલા જવાનોએ દોરડું ખેંચીને નીલગાયને બહાર કાઢી જીવ બચાવી લેવાયો હતો.જયારે કેનાલ બહાર આવતા જ નીલગાય દોડીને જતી રહી હતી.

એપીએમસી આલમપુર ખાતે ભાજપ સદસ્યતા અભિયાનની બેઠક યોજાઈ

ચિલોડા, તા. ૨૭

આલમપુર સ્થિત એપીએમસી ખાતે ભાજપ સદસ્યતા અભિયાન અંતર્ગત એક બેઠક યોજાઈ હતી. જેમાં પ્રદેશ ઉપાધ્યક્ષ મહેન્દ્રભાઈ, તાલુકા કિસાન મોરચા પ્રમુખ અતુલ પટેલ, વસંત પટેલ અને કિસાન મોરચાના કાર્યકર્તા હાજર રહ્યા હતા. આ બેઠકમાં સદસ્યતા અભિયાનને લઈને ટેકનિકલ માહિતી આપી હતી. કિસાન મોરચો ગુજરાતમાં પહેલાં નંબરે આવે તે માટે પ્રયત્નો કરવા પણ જણાવવામાં આવ્યું હતું. ભાજપ સદસ્યતા અભિયાનમાં ૨૦ ટકા વધારો કરવા અંગે પણ સૂચન કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર, તા.૨૭

શનિવાર તા. ૨૫ જૂન ૨૦૨૨ના રોજ જે.એમ.પી. ગોપાલક વિદ્યા સંકુલ સેકટર-૧૫ ગાંધીનગર ખાતે રેલવે સ્ટેશનની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ-૬ અને ૭ના વિદ્યાર્થીઓને અભ્યાસ પ્રત્યે રૂચિ જાગૃત કરવાના હેતુથી શિક્ષણના ભાગ સ્વરૂપે શાળા તરફથી ગાંધીનગર રેલ્વે સ્ટેશનની મુલાકાત કરાવવામાં આવી હતી.

ઘ-રોડનો અંડરપાસ બન્યા બાદ હાલમાં 'ગ' રોડનો અંડરપાસ બનાવવાની કામગીરી ચાલુ છે. અંડરપાસની કામગીરી સાથે આખે આખો રોડ નવેસરથી બનાવવામાં આવી રહ્યો છે. નવો રોડ બનાવવાની કામગીરી ચાલુ છે ત્યારે આ રોડ મજબુત બને અને વરસાદમાં ધોવાઈ ન જાય તેની કાળજી રાખવી જરૂરી છે.

કસ્તુરીનગરમાંથી પાંચ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

શેરથા કસ્તુરીનગર પરામાં આવેલા ખુલ્લા ચોકમાં બાજી માંડીને બેઠેલા પાંચ શકુનીઓને અડાલજ પોલીસે રૂ.૧૩,૮૪૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ પીઆઈ ડી.બી.વાળાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે સમયે સાથે રહેલા વિજયસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે શેરથા ગામ કસ્તુરીનગર પરામાં ખુલ્લા ચોકમાં કેટલાક શકુનીઓ ગોળ કુંડાળુ વળી બાજી માંડીને બેઠા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા જુગારીઓમાં દોડાદોડી થઈ ગઈ હતી. જો કે પોલીસે જુગાર રમતા અમરત બાબુજી ઠાકોર, કરણ ગણપત ઠાકોર, સુનિલ અમરત ઠાકોર, સુરેશ શનાજી ઠાકોર, સુરાજી શકરાજી ઠાકોર (તમામ રહે. કસ્તુરીનગર પરા શેરથાગામ) ને અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૩,૮૪૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તમામ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લેકાવાડા નદીના પટમાં બાજી માંડીને બેઠેલા પાંચ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૨૭

લેકાવાડા ગામે સાબરમતી નદીના પટમાં બાજી માંડીને બેઠેલા પાંચ શકુનીઓને ચિલોડા પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ રૂ.૧૩,૭૨૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૫ મળી કુલ રૂ. ૨૯,૭૨૦ નો મુદ્દામાલ સાથે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકના પોલીસ જવાનને બાતમી મળી હતી કે લેકાવાડા ગામે સાબરમતિ નદીના પટમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી ચિલોડા પોલીસ મથકના જવાનોએ લેકાવાડા સાબરમતિ નદીના પટમાં બાજી માંડીને ગોળ કુંડાળુ વળીને બેઠેલા અજીતસિંહ વાઘેલા, મહેન્દ્રસિંહ વાઘેલા, આકાશસિંહ વાઘેલા , રણજીત ઠાકોર અને જશવંત વાઘેલા ને પકડી પાડ્યા હતા. પોલીસે દાવ પરથી અને અંગજડતી દરમિયાન રૂ.૧૩,૭૨૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૫ કિં.૧૬ હજાર મળી કુલ રૂ.૨૯,૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

મુસાફરોના માર્ગદર્શન માટે ઠેર ઠેર લગાવવામાં આવેલા એસ.ટી બસના સમયપત્રકોના બોર્ડ જર્જરીત હાલતમાં જોવા મળે છે. સમય સારણી દર્શાવતા બોર્ડ તુટી ગયા હોવાથી મુસાફરોને તકલીફ વેઠવી પડે છે. ભાઈજીપુરા પાટીયા પાસે સમય સારણીનુ બોર્ડ તુટી જતા એસ.ટી. બસ અંગે કોઈ માહિતી મળતી નથી.

વિસનગરા નાગર મંડળ ગુજરાતનું વાર્ષિક સંમેલન યોજાયું

ગાંધીનગર, તા.૨૭

વિસનગરા નાગર મંડળ ગુજરાતનું વાર્ષિક સંમેલન ગાંધીનગર ખાતે યોજાયું હતું. જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના મહિલા કોર્પોરેટર અંજનાબેન સુરેશભાઈ મહેતા, દહેગામ નગરપાલિકાના કોર્પોરેટર મીનાબેન અરૂણભાઈ રાવલ તથા જ્ઞાતિના ડૉકટરોનું સન્માન કરવામાં આવ્યું હતું. નવા વર્ષમાં હોદ્દેદારોમાં ગાંધીનગરના જાણીતા એડવોકેટ અતુલભાઈ પંડયા વિસનગરા નાગર મંડળ ગુજરાતના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરાયા હતા.

ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા
ગાંધીનગર જિલ્લા પંચાયત મા.મ. વિભાગ
જાહેર નિવિદા નં.૩ સને : ૨૦૨૨-૨૩

કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત મા.મ. વિભાગ જિલ્લા પંચાયત, ગાંધીનગર-૩૮૨૦૧૬ (ફોન નં ૦૭૯-૨૩૨ ૫૬૯૬૮)ની કચેરી તરફથી કુલ-૫ કામોની અંદાજીત રકમ રૂ. ૨૧૧.૭૫ લાખના કામો માટે ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓ પાસેથી ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા https://rnb.nprocure.com અને ઈ-હિંદી.ર્ઇદ્ધ વેબસાઈટ પરથી જોવા મળશે. તેમજ ટેન્ડર ઓનલાઈન જ ભરવાના રહેશે. ટપાલ માર્ગે કે રૂબરૂ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

ઓનલાઈન સબમીશનની તારીખ	તા. ૧૨/૭/૨૦૨૨ સમય ૧૮.૦૦ કલાક સુધી
ટેન્ડર ઓપનીંગ ઓનલાઈન તારીખ	તા. ૧૩/૭/૨૦૨૨ સમય ૧૧.૦૦ કલાક
ટેન્ડર ફી, બાનાની રકમ તથા અન્ડ ડોક્યુમેન્ટ કરવાની તારીખ (આર.પી.એ.ડી.થી...)	તા. ૨૦/૭/૨૦૨૨ સમય ૧૬.૦૦ કલાક સુધી

માહિતી/૭૨૮/૨૨-૨૩